Thursday
20.06.2024
✳Volume :8 ✳ Issue No.330
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રીએ બિહારના રાજગીરમાં નાલંદા વિશ્વવિદ્યાલય પરિસરનું ઉદઘાટન કર્યું

"નાલંદા એ માત્ર ભારતના ભૂતકાળની નવજાગૃતિ નથી. વિશ્વ અને એશિયાના ઘણા દેશોની વિરાસત તેની સાથે જોડાયેલી છે"

મને વિશ્વાસ છે કે નાલંદા વૈશ્વિક ઉદ્દેશ્યનું મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે

નાલંદા એ માત્ર એક નામ નથી. નાલંદા એક ઓળખ છે, એક સન્માન છે, એક મૂલ્ય છે, એક મંત્ર છે, એક ગૌરવ છે અને એક ગાથા છે"

ભારત વિશ્વ માટે શિક્ષણ અને જ્ઞાનનું કેન્દ્ર બને. મારું મિશન એ છે કે ભારતને ફરીથી વિશ્વના સૌથી અગ્રણી જ્ઞાન કેન્દ્ર તરીકે માન્યતા મળે" પ્રધાનમંત્રી શ્રી

"ભારતે સદીઓથી એક સ્થિરતાને એક આદર્શ તરીકે જીવ્યું છે અને સાતત્યપૂર્ણતાનું પ્રદર્શન કર્યું છે. આપણે પ્રગતિ અને પર્યાવરણ સાથે મળીને આગળ વધી રહ્યા છીએ"

"અમારો પ્રયાસ ભારતમાં વિશ્વની સૌથી વધુ વ્યાપક અને સંપૂર્ણ કૌશલ્ય ધરાવતી વ્યવસ્થા ઊભી કરવાનો છે, જેથી ભારતમાં વિશ્વની સૌથી આધુનિક સંશોધનલક્ષી ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા ઊભી થાય"

"નાલંદા ભારતના શૈક્ષણિક વારસા અને જીવંત સાંસ્કૃતિક આદાનપ્રદાનનું પ્રતીક છે"

"આ પુનરુત્થાન ભારત માટે સુવર્ણ યુગની શરૂઆત કરવા જઈ રહ્યું છે"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ બિહારનાં રાજગીરમાં નાલંદા વિશ્વવિદ્યાલયનાં નવા પરિસરનું ઉદઘાટન કર્યું. આ યુનિવર્સિટીની કલ્પનાભારત અને ઈસ્ટ એશિયા સમિટ (ઈએએસ) દેશો વચ્ચે જોડાણ તરીકે કરવામાં આવી છે. ઉદ્ઘાટન સમારંભમાં ૧૭ દેશોના મિશનના પ્રમુખો સહિત અનેક પ્રતિષ્ઠિત લોકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રીએ એક રોપાનું પણવાવેતર કર્યું હતું. અહિં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ ત્રીજા કાર્યકાળ માટે પ્રધાનમંત્રી તરીકે શપથલીધાનાં ૧૦દિવસની અંદર નાલંદાની મુલાકાત લેવા બદલ તેમનાં સદભાગ્ય બદલ આનંદ વ્યકત કર્યો હતો અને આભાર માન્યો હતો તથા કહ્યું હતું કે, આ ભારતની વિકાસલક્ષી સફરની દિશામાં સકારાત્મક સંકેત છે. "નાલંદા એ માત્ર એક નામ નથી, તેએક ઓળખછે, એકઆદર છે. નાલંદામૂળ છે, મંત્ર છે. નાલંદા એ સત્યની ઘોષણા છે કે પુસ્તકો આગમાં બળીને ખાખ થઈજાય તો પણ જ્ઞાનનો નાશ કરી શકાતો નથી." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, નવી નાલંદા વિશ્વવિદ્યાલયની સ્થાપનાથી ભારતનો સુવર્ણયુગ શરૂ થશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, નાલંદાને તેના પ્રાચીન ખંડેરો નજીક પુન:કાર્યરત કરવાથી ભારતની ક્ષમતાઓ દુનિયાસમક્ષ રજૂ થશે, કારણ કે તેનાથી દુનિયાને તે જાણમાં આવશે કે મજબૂત માનવીય મૂલ્યો ધરાવતાં દેશો ઈતિહાસનો કાયાકલ્પ કરીને વધુ એકસારી દુનિયાનુંનિર્માણ કરવા સક્ષમ છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, નાલંદામાં વિશ્વ, એશિયાઅને ઘણાંદેશોનાં વારસાને જાળવી રખાયો છે તથા તેનું પુનરુત્થાન ભારતીય પાસાંઓને પુનર્જીવિત કરવા સુધી મર્યાદિત નથી. તેમણે વધુમાં કહ્યુંકે, આજના ઉદ્ઘાટન સમારંભમાંઘણાંદેશોની હાજરીથી તે બાબત સ્પષ્ટ થાય છે કે, નાલંદા પ્રોજેકટમાંમિત્ર દેશોના યોગદાનનો સ્વીકાર કર્યો. તેમણે નાલંદામાં પ્રતિબિંબિત થતી તેની કીર્તિ પાછી લાવવાના દ્રઢ નિશ્ચય માટે બિહારના લોકોનીપ્રશંસા પણ કરી. એક સમયે નાલંદા ભારતની સંસ્કૃતિ અને પરંપરાઓનું જીવંત કેન્દ્ર ગણાવતા કહ્યું કે, નાલંદાનો અર્થ જ્ઞાન અને શિક્ષણનો નિરંતર પ્રવાહ છે તથા આ જ શિક્ષણ પ્રત્યે ભારતના દ્રષ્ટિકોણ અને વિચારસરણી રહીછે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, "શિક્ષણએ સીમાઓની બહારછે. તે આકાર આપતીવખતે મૂલ્યો અને વિચારોનું સિંચન કરે છે." પ્રધાનમંત્રીએ તે વાતપર પ્રકાશ ફેંકયો કે પ્રાચીન નાલંદા વિશ્વવિદ્યાલયમાં વિદ્યાર્થીઓને તેમની ઓળખ અને રાષ્ટ્રીયતાને ધ્યાનમાં લીધા વિના પ્રવેશ આપવામાં આવતો હતો. તેમણે આધુનિક રૂપમાંનવનિર્મિત નાલંદા વિશ્વવિદ્યાલય પરિસરમાં તેની પ્રાચીન પરંપરાઓને મજબૂત કરવાની જરૂરિયાતપર પણ ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ નાલંદા વિશ્વવિદ્યાલયમાં ૨૦થી વધારે દેશોના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છેએ બદલ આનંદની લાગણી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, આ 'વસુધૈવ કુટુંબકમ'નું શ્રેષ્ઠ ઉદાહરણ છે. પ્રધાનમંત્રીએ શિક્ષણને માનવકલ્યાણનાં સાધન તરીકે ગણવાની ભારતીય પરંપરા પર પ્રકાશ પાડ્યો. તેમણે આગામી આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, યોગ દિવસ આંતરરાષ્ટ્રીય ઉત્સવ બની ગયો છે. તેમણે કહ્યું કે યોગના આટલા બધાપ્રવાહો વિકસિત થવા છતાં, ભારતમાં કોઈએ પણ યોગ પર કોઈ એકાધિકાર વ્યક્ત કર્યો નથી. તેમણે કહ્યું કે, એ જ રીતે ભારતે આયુર્વેદને સંપૂર્ણ દુનિયા સાથે વહેંચ્યું છે. પીએમ મોદીએ ભારતની સ્થિરતાપ્રત્યેની નિષ્ઠાને પણ રેખાંકિત કરીહતી અનેકહ્યું કે ભારતમાં, આપણે પ્રગતિ અને પર્યાવરણને સાથે લઈને ચાલ્યા છીએ. તેનાથી ભારતને મિશન લાઈફ અને આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન જેવી પહેલો પ્રદાન કરવાની મંજૂરી મળી છે. તેમણે જણાવ્યું કે, નાલંદા કેમ્પસ તેની અગ્રણી નેટ ઝીરો એનર્જી, નેટ ઝીરોઉત્સર્જન, નેટ ઝીરોવોટર અને નેટ ઝીરો વેસ્ટ મોડલ સાથે સ્થાયીત્વની ભાવનાને આગળ વધારશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, શિક્ષણનાં વિકાસથી અર્થતંત્ર અને સંસ્કૃતિનાં મૂળિયાં ઊંડાં થાય છે. આવૈશ્વિક અનુભવ અનેવિકસિત દેશોનાઅનુભવ દ્વારા ઉત્પન્ન થાય છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, "ભારત વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાનાં પોતાનાં લક્ષ્યાંક પર કામ કરી રહ્યું છે, જે તેની શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તન લાવી રહ્યુંછે." તેમણેવધુમાંજણાવ્યું કે, "મારું મિશન એ છે કે ભારત વિશ્વ માટેશિક્ષણ અને જ્ઞાનનું કેન્દ્ર બને. મારું ધ્યેય એ છે કે ભારતને ફરીથી વિશ્વના સૌથી અગ્રણી જ્ઞાન કેન્દ્ર તરીકે ઓળખાવવું જોઈએ." પ્રધાનમંત્રીએ અટલ ટિંકરિંગ લેબ્સ જેવી પહેલોનીનોંધ લીધી, જેમાંએક કરોડથી વધારે બાળકોને સેવા પૂરી પાડવામાં આવી, ચંદ્રયાન અને ગગનયાનથી વિજ્ઞાનમાં રુચિ ઊભી થઈ અને સ્ટાર્ટઅપ ઈન્ડિયાએ ભારતમાં ૧.૩૦ લાખ સ્ટાર્ટઅપ્સને જન્મ આપ્યો, જે ૧૦ વર્ષ અગાઉ કેટલાંક ૧૦૦જ હતા. રેકોર્ડ સંખ્યામાંપેટન્ટ અને રિસર્ચ પેપર સબમિટ કરાયા અને ૧ લાખ કરોડ રિસર્ચ ફંડ બનાવવામાં આવ્યું. પ્રધાનમંત્રીએ વિશ્વમાં સૌથી આધુનિક સંશોધનલક્ષી ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાની સાથે-સાથે સૌથી વધુ વ્યાપક અને સંપૂર્ણ કૌશલ્ય ધરાવતી વ્યવસ્થા ઊભી કરવા માટે સરકારનાં પ્રયાસો પર પ્રકાશ પાડ્યો. તેમણે વૈશ્વિક રેકિંગમાંભારતની યુનિવર્સિટીઓ દ્વારા સુધારેલા પ્રદર્શનનો પણ ઉલ્લેખ કર્યો. છેલ્લાં ૧૦ વર્ષમાં શિક્ષણ અને કૌશલ્ય વિકાસનાં ક્ષેત્રમાં તાજેતરમાં હાંસલ થયેલી સફળતાઓ પર પ્રકાશ ફેંકતા પ્રધાનમંત્રીએ ઉલ્લેખ કર્યો કે, ભારતીય શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યા કયૂએસ રેકિંગમાં ૯થી વધીને ૪૬ટકાઅને ટાઈમ્સ હાયર એજ્યુકેશન ઈમ્પેક્ટ રેકિંગમાં ૧૩થી ૧૦૦ થઈ છે. ભારતમાં છેલ્લાં ૧૦ વર્ષની અંદર, પ્રધાનમંત્રીએ જણાવ્યું કે દર અઠવાડિયે એક યુનિવર્સિટીની સ્થાપના થઈ છે, દરરોજ નવી આઈટીઆઈની સ્થાપના થઈ છે, દર ત્રીજા દિવસે એક અટલ ટિંકરિંગ લેબ ખોલવામાં આવી છે અને દરરોજ બે નવી કોલેજોની સ્થાપના કરવામાંઆવી છે. તેમણે વધુમાંજણાવ્યું કે, અત્યારે ભારતમાં ૨૩ આઈઆઈટી છે, આઈઆઈએમની સંખ્યા ૧૩થી વધીને ૨૧ થઈછે અને એઈમ્સની સંખ્યા લગભગ ત્રણ ગણી વધીને ૨૨ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે, "૧૦ વર્ષમાં મેડિકલ કોલેજોની સંખ્યા પણ લગભગ બમણી થઈ ગઈ છે." શૈક્ષણિક ક્ષેત્રમાં સુધારાઓનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ નવી શૈક્ષણિક નીતિનો ઉલ્લેખ કર્યોઅને કહ્યું કે, તેનાથી ભારતનાંયુવાનોનાં સ્વપ્નોને નવું પરિમાણ મળ્યું છે. શ્રી મોદીએ ભારતીય અને વિદેશી યુનિવર્સિટીઓના જોડાણનો તથા ડેકિન અને વોલોંગોંગ જેવી આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓના નવાકેમ્પસ ખોલવાનોપણ ઉલ્લેખ કર્યો. પ્રધાનમંત્રીએ કહ્યું, "આ તમામ પ્રયાસોથી ભારતીય વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે ભારતની શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓ મળી રહી છે. આનાથી આપણા મધ્યમ વર્ગમાટે પણ પૈસાની બચત થઈ રહી છે." તાજેતરમાં ટોચની ભારતીય સંસ્થાઓનાં વૈશ્વિક પરિસર ખોલવાનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ નાલંદા માટે પણ આવી જ આશા વ્યક્ત કરી. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, વિશ્વનીનજર ભારતનાંયુવાનો પર સ્થિર છે. પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું કે, "ભારત ભગવાન બુદ્ધનો દેશ છે અને વિશ્વ લોકશાહીની જનની સાથે ખભેખભો મિલાવીનેચાલવાઈચ્છે છે." પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, "જ્યારે ભારત 'વન અર્થ, વન ફેમિલી અને વન ફ્યુચર' કહે છે, ત્યારે દુનિયા તેની સાથે ઊભી છે. જ્યારે ભારત 'વન સન, વન વર્લ્ડ, વન ગ્રિડ' કહે છે, ત્યારે તેને વિશ્વ માટે ભવિષ્યનો માર્ગ માનવામાં આવે છે. જ્યારે ભારત વન અર્થ વન હેલ્થ કહે છે, ત્યારે વિશ્વ તેના મંતવ્યોનો આદરકરે છેઅને તેનો સ્વીકાર કરે છે. "નાલંદાની ભૂમિ વૈશ્વિક બંધુત્વની આભાવનાને એક નવું પરિમાણ આપી શકે છે. તેથી, નાલંદાના વિદ્યાર્થીઓની જવાબદારી વધુ મોટી છે, એમ પીએમ મોદીએજણાવ્યું. નાલંદાના વિદ્યાર્થીઓઅને વિદ્વાનોને ભારતનું ભવિષ્ય ગણાવતાં પ્રધાનમંત્રીએ અમૃતકાલનાં આગામી ૨૫ વર્ષનાં મહત્ત્વપર ભાર મૂક્યો તથા તેમને 'નાલંદા માર્ગ' અને નાલંદાનાં મૂલ્યોને પોતાની સાથે લઈ જવા અપીલ કરી. તેમણે તેમને જિજ્ઞાસુ બનવા, સાહસિક બનવા અને તમામથી ઉપર રહેવા, તેમના લોગોને અનુરૂપ માયાળુ બનવા જણાવ્યું અનેસમાજમાં સકારાત્મક પરિવર્તનમાટે કામ કરવા જણાવ્યું. પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે નાલંદાનું જ્ઞાન માનવતાને દિશા આપશે અને આવનારા સમયમાં યુવાનો સમગ્ર વિશ્વનું નેતૃત્વ કરશે. પ્રધાનમંત્રીએ કહ્યું, "હું માનું છું કે નાલંદા વૈશ્વિક હેતુ માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે. આ પ્રસંગે બિહારનાં રાજ્યપાલ શ્રી રાજેન્દ્ર આર્લેકર, બિહારનાં મુખ્યમંત્રી શ્રી નીતિશ કુમાર, કેન્દ્રીય વિદેશ મંત્રીશ્રી સુબ્રહ્મણ્યમ જયશંકર, કેન્દ્રીયવિદેશ રાજ્યમંત્રી શ્રી પબિત્ર માર્ગેરેટા, બિહારનાં નાયબમુખ્યમંત્રીઓ શ્રી શ્રી વિજય કુમાર સિંહા અને સમ્રાટ ચૌધરી, નાલંદા વિશ્વવિદ્યાલયનાં કુલપતિ પ્રોફેસર અરવિંદ પનગઢિયા અને નાલંદા વિશ્વવિદ્યાલયનાં વાઈસ ચાન્સેલર પ્રો.અભય કુમાર સિંહ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાહતા.

આ પરિસર એક 'નેટ ઝીરો' ગ્રીન કેમ્પસ છે. તે સોલાર પ્લાન્ટ, ડોમેસ્ટિક અને ડ્રિંકિંગ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ગંદા પાણીના પુનઃઉપયોગ માટે વોટર રિસાયક્લિંગ પ્લાન્ટ, ૧૦૦ એકર જળાશયો અને અન્ય ઘણી પર્યાવરણને અનુકૂળ સુવિધાઓ સાથે સ્વનિર્ભર છે.

નાલંદા યુનિવર્સિટી કેમ્પસમાં બે એકેડેમિક બ્લોક્સ છે જેમાં ૪૦ વર્ગખંડો છે, જેમાં કુલ બેઠક ક્ષમતા લગભગ ૧૯૦૦ જેટલી છે. અહીં બે ઓડિટોરિયમ છે, જેમાં પ્રત્યેકમાં ૩૦૦ બેઠકોની ક્ષમતા છે, લગભગ ૫૫૦ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતી વિદ્યાર્થી છાત્રાલય અને અન્ય વિવિધ સુવિધાઓ છે, જેમાં એક આંતરરાષ્ટ્રીય કેન્દ્ર, એક એમ્ફિથિયેટર છે જેમાં ૨૦૦૦ વ્યક્તિઓને સમાવી શકાય છે, એક ફેકલ્ટી ક્લબ અને એક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનો સમાવેશ થાય છે.

વિશ્વવિદ્યાલયનો ઇતિહાસ સાથે ઊંડો સંબંધ છે. મૂળ નાલંદા વિશ્વવિદ્યાલયની સ્થાપના લગભગ ૧૬૦૦ વર્ષ પહેલા કરવામાં આવી હતી, જેને વિશ્વની પ્રથમ નિવાસી યુનિવર્સિટીઓમાંથી એક ગણવામાં આવે છે. નાલંદાના અવશેષોને ૨૦૧૬માં યુએન હેરિટેજ સાઇટ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રીએ બિહારમાં નાલંદાના ખંડેરોની મુલાકાત લીધી

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે બિહારમાં નાલંદાના ખંડેરોની મુલાકાત લીધી. મૂળ નાલંદા વિશ્વવિદ્યાલયનો વિશ્વની પ્રથમરહેણાંક યુનિવર્સિટીઓમાંથી એક ગણવામાં આવેછે. નાલંદાના અવશેષોને ૨૦૧૬માં યુએન હેરિટેજ સાઈટ તરીકે જાહેર કરવામાં આવ્યાહતા. પ્રધાનમંત્રીએ ઠ પર પોસ્ટ કર્યું; "નાલંદાના ખોદાયેલા અવશેષોની મુલાકાત લેવી એ અનુકરણીય હતું. આ પ્રાચીન વિશ્વમાં શિક્ષણના સૌથી મહાન કેન્દ્રોમાંથી એકમાં હોવાનો પ્રસંગ હતો. આ સ્થળે વિદ્વતાપૂર્ણ ભૂતકાળની ઊંડીઝલક આપેછે જે એક સમયે અહીં વિકાસ પામ્યો હતો. નાલંદાએ એક બૌદ્ધિક ભાવના બનાવી છે જે આપણા રાષ્ટ્રમાં સતતખીલી રહી છે.

અમે સિકલ સેલ રોગ પર કાબુ મેળવવા માટે અમારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરીએ છીએ: પ્રધાનમંત્રીશ્રી

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે ??વિશ્વ સિકલ સેલ ડે પર પુનરોચ્ચાર કર્યો હતો કે તેમની સરકાર આ રોગપર કાબુ મેળવવા માટે પ્રતિબદ્ધ છે. નેશનલ સિકલ સેલ એનિમિયા એલિમિનેશન મિશનનો ઉલ્લેખ કરતાં, તેમણે કહ્યું કે તેઓ આ આનુવંશિક રકત ડિસઓર્ડર વિશે જાગૃતિ લાવવા જેવા અન્ય પાસાઓ પર પણ કામ કરી રહ્યા છે. પ્રધાનમંત્રીએ X પર પોસ્ટ કર્યું: "વર્લ્ડ સિકલ સેલ ડે પર, અમે આ રોગને દૂર કરવા માટે અમારી પ્રતિબદ્ધતાનેપુનરોચ્ચાર કરીએછીએ. ગયાવર્ષે, અમે રાષ્ટ્રીય સિકલ સેલ એનિમિયા નાબૂદી મિશન શરૂ કર્યું હતું અને જાગૃતિઊભી કરવા, સાર્વત્રિક તપાસ, પ્રારંભિક ઓળખ અને યોગ્ય કાળજી જેવા પાસાઓ



પર કામ કરી રહ્યા છીએ. અમે આ ક્ષેત્રમાં ટેકનોલોજીની શક્તિનો પણલાભ ઉઠાવીરહ્યાં છીએ."

તંત્રી સ્થાનેથી......

બાળલકવા નાબુદી અભિયાન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ''નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે'' અંતર્ગત પલ્સ પોલીયો કાર્યક્રમનો રાઉન્ડ તા.૨૩/૦૬/૨૦૨૪ થી તા.૨૬/૦૬/૨૦૨૪ દરમ્યાન હાથ ધરવાનો છે. આ કાર્યક્રમ દરમ્યાન ૦-૫ વર્ષ સુધીના બાળકોને પ્રથમદિવસે નકકીકરવામાં આવેલરસીકરણ બુથઉપર તથા બીજા, ત્રીજા અને ચોથાદિવસે ઘરે-ઘરે ફરી પોલીયોની રસી પીવડાવવામાં આવશે. આ કાર્યક્રમનાંસફળઅમલીકરણ માટે માનનીય. ડે.મેયરશ્રી ડૉ. નરેન્દ્ર પાટીલના અધ્યક્ષ સ્થાને તા.૧૮/૦૬/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના નવા સ્થાયી સમિતી ખંડમાં સ્ટીયરીગ કમિટિની મીટીગ રાખવામાં આવેલી હતી. જેમાં ચેરમેનશ્રી-હોસ્પિટલકમિટીમનીષાબેન આહીર, ચેરમેનશ્રીઆરોગ્ય કમિટીનેન્સીબેન એસ.શાહ, નેતાશ્રી શાસક પક્ષ શશીબેન ડી. ત્રિપાઠી, આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ, સિવિલ/સ્મીમેર હોસ્પિટલ તથા WHO ના પ્રતિનિધિઓ, ICDS નાપ્રતિનિધિઓતથા BSNL, ટોરેન્ટ પાવર, સુમુલ ડેરી, ગુજરાતગેસ, સીટી લીંકતેમજ IMA નાપ્રતિનિધિઓ હાજર રહયા હતાઅને કાર્યક્રમને સફળ બનાવવા માટે પોત-પોતાની સંસ્થાનો યોગ્ય સહકાર આપવામાટે તૈયારીબતાવી હતી. આરોગ્ય અધિકારીશ્રી ડો પ્રદીપ ઉમરીગરદ્વારાસદર રાઉન્ડદરમ્યાન સુરત મહાનગરપાલિકાના કુલ ૯ ઝોનના ૯૨ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર પરથી ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને આવરી લેવાના આયોજન બાબતે માહિતગાર કરેલ, ડે.કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ડો.આશિષનાયકદ્વારા નેશનલ પોલીયો રાઉન્ડ માટે વિવિધ પ્રચાર-પ્રસાર માધ્યમો દ્વારા બહોળો પ્રચાર કરી દરેક નાગરિકો સુધી પોલીયો રાઉન્ડ અંગેનો સંદેશ મળી રહે તે મુજબ આયોજન કરવા ભાર પૂર્વક જણાવવામાં આવેલ. માનનીયડે.મેયરશ્રીએશહેરીજનોને તા. ૨૩/૦૬/૨૦૨૪ ના રોજ રહેઠાણ નજીકના રસીકરણ બુથ પર જઈ પોતાના ૦૫ વર્ષ સુધીના બાળકોને પોલિયોનીરસીપીવડાવવાઅનુરોધ કરેલ.

'સ્વયં અને સમાજમાટેયોગ' ની થીમ પર યોગ દિવસ ઉજવાશે :- મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરક સંબોધનનું સમગ્ર રાજ્યમાં જીવંત પ્રસારણ થશે

૨૧મી જૂને ૧૦મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ બનાસકાંઠાના સરહદી ગામ નડાબેટમાં યોજાશે

આંતરરાષ્ટ્રીય યોગ દિવસમાં વધુને વધુ નાગરિકો યોગ સાધનામાં જોડાઇ જીવન આરોગ્યપ્રદ બને તેવી અપીલ કરતા પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

કમલમ્ ન્યુઝ,

પુરાણોથી ભારતની વૈશ્વિક ઓળખ સમા યોગદિને જયારે સમગ્રવિશ્વએ સ્વીકાર કર્યોછે ત્યારે આગામી ૨૧મી જૂને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી 'સ્વયં અને સમાજ માટે યોગ' ની થીમ સાથે ગુજરાત રાજ્યમાં ઉત્સાહ સાથે બનાસકાંઠાના સરહદી ગામ અને સીમાદર્શન માટે સુપ્રસિદ્ધ નડાબેટ ખાતે કરવામાં આવશે. પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ગુજરાતના નાગરિકોને ૨૧મીજૂને ૧૦મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાતના તમામ નાગરિકો યોગ સાધનામાં જોડાઈને આરોગ્યપ્રદ જીવન બનાવે તેમજ પોતાના રોજીદા જીવનમાં યોગને સ્થાન આપે તેવી વિનંતી કરી હતી. મંત્રીશ્રીએવધુમાંજણાવ્યુંકે, રાજ્ય સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને બોર્ડર સિક્યોરિટી ફોર્સ– BSFના સહયોગથી આ રાજ્ય કક્ષાનો કાર્યક્રમનડાબેટ ખાતેયોજાશે. જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભાઅધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી રમતગમત રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સાથે ૨૫૦૦ જેટલા યોગ સાધકો રાજ્યકક્ષાના કાર્યક્રમમાં જોડાશે. આ વર્ષે 'સ્વયં અને સમાજ માટે યોગ' ની થીમ પર રાજ્યભરમાં ૮ મહાનગરપાલિકાઓ, ૩૨ જિલ્લાઓતથા ૨૫૧ તાલુકા, ૨૦ નગરપાલિકાએમ કુલ ૩૧૨ મુખ્ય સ્થળોએ આ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જેમાં ગ્રામ પંચાયતથી લઈને મહાનગરપાલિકા સુધી શાળાઓ – કોલેજીસ – આઈ.ટી.આઈ. – જેલ – આરોગ્ય – પોલીસ સહિતના વિભાગો અને સમગ્ર ગુજરાત યોગમય બને તેવું સુદ્રઢ આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાંઆવ્યું છે. તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. 'આંતરરાષ્ટ્રીયયોગ દિવસે' કાર્યક્રમની રૂપરેખા વિષે મંત્રીશ્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સવારે ૦૬:૩૦ કલાકે તેમજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સવારે ૦૬:૪૦ કલાકે આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાંપ્રેરક સંબોધન કરશે અને તેનું સમગ્ર રાજ્યમાં જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે ત્યારબાદ સવારે ૦૭:૦૦ થી ૦૭:૪૫ સુધી એટલે કે ૪૫ મિનિટ સવા કરોડ લોકો સામાન્ય યોગ પ્રોટોકોલ તાલીમમાં ભાગ લેશે. રાજ્યભરમાં સવા કરોડ લોકોની સહભાગીતાથી ૧૦મા અંતરરાષ્ટ્રીય યોગ દિવસને ભવ્ય સફળતા મળશે તેમ મંત્રીશ્રેએ જણાવ્યું હતું. ગુજરાતમાં યોગ દિવસ પૂર્વે તૈયારીઓ વિષે મંત્રીશ્રીએ જણાવ્યુંકે, ગુજરાતમાં બાળકોમાં યોગાભ્યાસને વધુ પ્રચલિત બનાવવા સમર કેમ્પ યોજીને ૨૦૦ થી વધુ સ્થળોએ યોગ-સંસ્કાર શિબિરનો ૨૨ હજારથી વધુ બાળકોને લાભ આપવામાં આવ્યો છે. ૧લી જાન્યુઆરી ૨૦૨૪માંમોઢેરાખાતે ૧૦૮ સ્થળોએ સુર્યનમસ્કારનો કાર્યક્રમ યોજાયો હતો. ગત વર્ષે સુરત વેસુ ખાતે વાય જંકશન પર ૧.૫૩ લાખ લોકોએ એક સાથે યોગ કરીને ગીનિશ બુકમાં રેકોર્ડ સર્જયો હતો તેમ મંત્રીશ્રીએ ગૌરવ સાથેજણાવ્યું હતુંઅને આવર્ષે પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અગાઉના વર્ષોમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રાજ્યમાં મળેલી ભવ્ય સફળતા અને ગુજરાતે સ્થાપેલા નવા વર્લ્ડ રેકોર્ડ્સની જેમ જ આગામી યોગ દિવસમાં પણ નવા કીર્તિમાન સ્થાપવામાં ગુજરાત અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. ઉલેખ્ખનીય છે કે, વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૧૪માં યુનાઈટેડ નેશન્સ દ્વારા ૨૧મી જૂનનો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવામાં આવ્યો છે અને ૨૦૧૫ થી આ દિવસ વિશ્વના દેશોમાં ઉજવાય છે. દર વર્ષે ૨૧મી જૂને વ્યાપક લોક ભાગીદારીથી વિવિધ વિષયવસ્તુ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવે છે. તદઅનુસાર, ૨૦૨૪નો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ રાજ્યભરમાં 'સ્વયં અને સમાજ માટે યોગ'ની થીમ સાથે યોજાશે.

વલવાડા પ્રા.આ.કેન્દ્ર ખાતે મેલેરિયા અને લેપ્રોસી વિશે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

ગુજરાત સરકારનામલેરીયા નાબૂદી કાર્યક્રમ-૨૦૩૦ અંતર્ગત મલેરીયાજૂન માસઉજવણી તેમજ લેપ્રોસીકેસ ડિટેકશન કેમ્પેન અંતર્ગત પ્રા. આ. કેન્દ્ર વલવાડા ખાતે મલેરીયા અને લેપ્રોસી રોગઅટકાયત અને નાબૂદી માટે જાગૃતિ રૂપે રેલીનું આયોજન કરેલ હતું જેમાં આરોગ્ય સ્ટાફ,આશાબેનો હાજર રહ્યા હતા. ડો.હિમાંશુ બી. પટેલ મે.ઓ.વલવાડા દ્વારા લોકોને મલેરીયા અને લેપ્રોસી રોગ અને તેની ગંભીરતા વિષે માહિતગાર કર્યાહતા. આ કાર્યક્રમ સફળબનાવવાં આરોગ્ય સ્ટાફે ભારે જહેમતઉઠાવી હતી.

ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની માં ફરજ બજાવતા શ્રી અનિલ ધનગરની રીજીયોનલ મેનેજર તરીકે પસંદગી

કમલમ્ ન્યુઝ,આહવા

મુળ નવસારી જિલ્લાના રહેવાસી અને ભારત સરકારની ''ન્યુ ઈન્ડિયાએશ્યોરન્સ કંપની'' માં ફરજ બજાવતા શ્રી અનિલ કાંતીલાલ ધનગરની, રીજીયોનલ મેનેજર તરીકેના હોદ્દા ઉપર બઢતી થવાપામીછે. શ્રીઅનિલ ધનગરનું સમગ્ર પ્રાથમિક શિક્ષણ ડાંગ જિલ્લાનાં અંતરીયાળ ગામોમાં થયુ છે. તેઓના માતાપિતાએ, ડાંગ જિલ્લામાં પ્રાથમિક શિક્ષક તરીકે સેવાઓ આપી છે. જેઓ હાલમાં નવસારી જિલ્લામાં પણ વિદ્યાધામ વિધ્યાલય તેમજ નવસારી હિન્દી સાહિત્ય પરિષદ જેવી સંસ્થાઓમાં સામાજીક શૈક્ષણિક કાર્યો સાથે સંકળાયેલા છે. ડાંગ સાથે નાતો ધરાવતા શ્રી અનિલ ધનગરની ઉચ્ચ કારકિર્દીએ ડાંગ અને નવસારી જિલ્લાને ગૌરવ અપાવ્યું છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગર દ્વારા આયોજિત ત્રિ-દિવસીય છઠ્ઠો નિશુલ્ક કાયરોપ્રેકટીક સારવાર કેમ્પ સંપન્ન



કમલમ્ ન્યુઝ,

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ – કડી ગાંધીનગર સંચાલિત કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ગાંધીનગર સેક્ટર ૧૨ સિવિલ કેમ્પસ માં સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરાપી માં ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટરનેશનલ રીલેશન તથા અમેરિકાના વેસ્ટ સાન ફ્રાન્સિસ્કોની લાઈફ કાયરોપ્રેકટીક કોલેજ વેસ્ટ (LCCW)યુ.એસ.એ.ના સંયુક્ત ઉપક્રમે છઠ્ઠોનિશુલ્ક કાયરોપ્રેક્ટીક સારવાર કેમ્પનું આયોજન તારીખ. ૧૭ થી ૧૯ જુન ૨૦૨૪ સુધી કરવામાંઆવ્યું હતું. આયોજિત આ ત્રિ-દિવસીય સારવાર કેમ્પમાં ગરદનનોદુખાવો, પીઠનો દુખાવો, કમરનો દુખાવો, હાથ કે પગમાં ઝણઝણાટી આવવી વગેરે જેવી તકલીફ ધરાવતા ૧૧૦૦ થી વધુ નાગરિકોઓએ આ નવીનત્તમ સારવાર પદ્ધતિનો લાભ લીધોહતો. સારવાર અર્થે અમેરિકા સ્થિત LCCW કાયરોપ્રેક્ટર કોલેજના ૧૩ નિષ્ણાત ડોકટર ઉપસ્થિત રહીને ગાંધીનગર તથા ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. કેમ્પનાછેલ્લા દિવસે લાઈફ કાયરોપ્રેકટીક યુ.એસ.એ.ના પ્રતિનિધિ ડો. કલ્પેશ ઘેલાણી, ,ડો. મેરી ફરઝાદ રહેબર, ટેલર હેયસ, ચાર્લ્સટન કલર્ક, પીટર બિરેટે, આપપોર્નસુગવરા, મિર્નેલીસ રિવેરા, ક્રિસ્ટલ રિવેરા, યુરીકો હેઝલેહર્સ્ટ, મજીદ રેઝાઈ, તથા કે.એસ.વી દ્વારા કાયરોપ્રેકટીકનો અભ્યાસ કરવાઅમેરિકા મોક્લેલા બે પ્રોફેસર્સ કેજેઓ અઢીવર્ષ બાદ ડીગ્રી પાસ કરીનેપરત આવેલા ડો. કેવેટ્ટીય નાદન, ડો.પાર્થ ત્રિવેદી, આ તમામ ડોકટરશ્રીઓનું સંસ્થા તરફથી કે.એસ.વી. ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટર નેશનલ રિલેશનના ડાયરેટર ડૉ. જીનલ જોષીના હસ્તે સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી આભાર પ્રગટ કર્યોહતો.

અરવલ્લી જિલ્લાના સૂર્યસૈનિક સ્કૂલ ખેસ્યા ખાતે વિશ્વ સિકલ સેલ દિવસનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કમલમ્ન્યુઝ,અરવલ્લી

અરવલ્લી જિલ્લાની સૈનિક સ્કૂલ ખાતે વિશ્વ સિકલસેલ દિવસના ભાગરૂપે જાગૃતિ કાર્યક્રમ યોજાયો.૨૦૨૪ની "પ્રગતિ દ્વારાઆશાઃ વૈશ્વિક સ્તરેસિકલ સેલ સંભાળને આગળવધારવી," થીમ ઉપર જનજાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો. વિશ્વમાં ૧૯ જૂન - વિશ્વ સિકલ સેલ દિવસ તરીકે મનાવવમાં આવે છે.સિકલ સેલ ડિસીઝ (એસસીડી)ધરાવતી વ્યક્તિઓને સમજવાઅને મદદ કરવા માટે સિકલ સેલ જાગૃતિ મહત્વપૂર્ણ છે. જાગૃતિ વધારવામાટે અહીં કેટલાક મુખ્ય મુદ્દાઓ છે:

સિકલ સેલ રોગ શું છે?

એક આનુવંશિક ડિસઓર્ડર જે હિમોગ્લોબિન ઉત્પાદનને અસર કરે છે, જેનાકારણે લાલરકત કોશિકાઓઅયોગ્ય (સિકલ-આકારના) થાય છે.

- તમામ જાતિના લોકોને અસર કરે છે, પરંતુ આફ્રિકન, ભૂમધ્ય અને મધ્ય પૂર્વીય વંશમાં સૌથી સામાન્ય

લક્ષણો:

- એનિમિયા(લાલ રક્તકણોની ઓછી સંખ્યા)
- પીડાના એપિસોડ (કટોકટી)
- હાથ-પગમાં સોજો
- પીળી ત્વચા અને આંખો (કમળો)
- વિલંબિત વૃદ્ધિ અને વિકાસ

જટીલતા:

- ચેપનું જોખમ વધે છે
- અંગને નુકસાન (કિડની, લીવર, ફેફસાં)
- સ્ટ્રોક અને લોહી ગંઠાવાનું
- દ્રષ્ટિની સમસ્યાઓ
- સિકલસેલ કટોકટીમૃત્યુ તરફ દોરીશકે છે

જાગૃતિનું મહત્વ:

- વહેલું નિદાન અને સારવાર જીવનની ગુણવત્તાસુધારી શકે છે
- જાગૃતિકલંક ઘટાડે છે અનેસમજણને પ્રોત્સાહન આપે છે
- નવીસારવારના સંશોધન અને વિકાસનેપ્રોત્સાહિત કરે છે
- જીઝદ્વારા અસરગ્રસ્તપરિવારોઅને વ્યક્તિઓને ટેકોઆપે છે

સપોર્ટ કેવીરીતે બતાવવોઃ

- ૧૯મી જૂને (વર્લ્ડસિકલ સેલ ડે) લાલ પહેરો.
- સોશિયલ મીડિયા પર જાગૃતિ પોસ્ટ અને વાર્તાઓ શેર કરો
- SCD સંશોધન અને સંસ્થાઓને દાન આપો
- SCD સપોર્ટ જૂથોસાથેસ્વયંસેવક તરીકે જોડાવ
- પોતાને અને અન્ય લોકોને SCD વિશે શિક્ષિત કરો

યાદરાખો, જાગરૂકતાએ સિકલ સેલ ડિસીઝથીપીડિત વ્યક્તિઓને ટેકો આપવાનીચાવી છે.ચાલો સમજણને પ્રોત્સાહન આપવાઅને ઉપચાર માટે હિમાયત કરવામાટે સાથેમળીને કામકરીએ. આકાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, દીપેશ કેડિયા, ધારસભ્યશ્રી પી.સી.બરંડા, આરોગ્ય અધિકારીશ્રી, અન્ય આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ અને મોટી સાંખ્યમાં સૈનિક સ્કૂલના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

હેરિટેજમણીમંદિરના પ્રાંગણમાં આઈકોનીક પ્લેસ તરીકે યોગ નિદર્શન યોજાયું

કમલમ્ ન્યુઝ,મોરબી

વિશ્વ યોગ દિવસની ઉજવણી અન્વયે આઈકોનીક પ્લેસ તરીકે મોરબી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોરબીખાતેના મણીમંદિરમાં યોગ નિદર્શનનુંઆયોજન કરવામાં આવ્યું હતું. 'યોગ એટલે કર્મ માં કુશળતા' ભગવત ગીતા નાં આ સૂત્રને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર વિશ્વ યોગમય બને અને સમગ્ર વિશ્વ યોગ અને સ્વાસ્થ્યના સમન્વયને સમજે તે હેતુથી વિશ્વ યોગ દિવસની ઉજવણી પ્રતિ વર્ષ કરવામાં આવે છે. યોગ એ ભારતીય સંસ્કૃતિની વિશ્વને મહામૂલી ભેટ છે. ભારત સરકારના આયુષ મંત્રાલયદ્વારા પ્રતિ વર્ષ ૨૧ જૂનનાં રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાંઆવે છે.જે પૈકી ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા વહીવટી તંત્ર મોરબી દ્વારા સંચાલિત વિશ્વ યોગ દિવસ ઉજવણીનાં ભાગરૂપે હેરિટેજ મણીમંદિર ખાતે તા.૧૯ જૂનના રોજ પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી સત્યજીતભાઈ વ્યાસ ની ઉપસ્થિતમાં યોગ નિદર્શનનું આયોજન કરવામાંઆવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ૨૧મી જૂનનાં રોજ પોલીસપરેડ ગ્રાઉન્ડખાતે વિશ્વ યોગ દિવસની મોરબી જિલ્લા કક્ષાએ ઉજવણી કરવામાં આવનાર છે. ઉપરાંત મોરબી જિલ્લાના તમામ તાલુકા, ગ્રામ્ય વિસ્તાર તેમજ તમામ શાળાઓમાં ૨૧મી જૂનનાં રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાંઆવનાર છે.

વિશ્વ યોગ દિવસ અનુસંધાને મોરબીમાં પટેલ કન્યા છાત્રાલય ખાતે યોગ શિબિર યોજાઈ

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ૮૨૫ થી વધુ યોગ સાધકો જોડાયા

કમલમ્ ન્યુઝ,મોરબી

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસનાકાઉન્ટ ડાઉનનાભાગ રૂપે મોરબીમાં પટેલ કન્યા છાત્રાલય ખાતે કોમન યોગ પ્રોટોકોલ પ્રશિક્ષણનું આયોજન કરવામાં આવ્યું હતુ. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી શિશપાલજીના માર્ગદર્શન હેઠળ આયોજીત યોગ પ્રોટોકોલ પ્રશિક્ષણ કાર્યક્રમમાં અધિકારી ગણ, વિવિધ સામાજિક સંસ્થાઓ, NGO અને મહિલા સમિતિઓ તેમજ મોરબી નગરવાસી મળી ૮૨૫ થી વધુ લોકો જોડાયા હતા. આ યોગ શિબિર ગુજરાત રાજ્ય યોગ બોર્ડના પ્રતિનિધિશ્રી અનિલભાઈ ત્રિવેદી (યોગ એક્સપર્ટ)ની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ શિબિરનું મુખ્ય સંચાલન અને યોગ પ્રોટોકોલપ્રશિક્ષણશ્રી વિજયભાઈ શેઠ (કચ્છઝોન યોગ-ઓર્ડીનેટર) દ્વારાઆપવામાં આવ્યુહતું. જ્યારે સંકલન વાલજી પી ડાભી (મોરબી જિલ્લા યોગ કો-ઓર્ડીનેટર) દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રોટોકોલ પ્રશિક્ષણ શિબિરમાં મોરબી જિલ્લાના યોગ કોચ અંજનાબેન કાસુન્દ્રા, પાયલબેન લોરીયા, પૂજાબેન કાવર, દિપાલીબેન આચાર્ય, જીગ્નેશભાઈ પંડિત, કંચનબેન સારેસા, ડિમ્પલબેન સારેસા અને મોરબી જિલ્લાના તમામ યોગ ટ્રેનર સહિત યોગ બોર્ડની ટીમ દ્વારા જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો. આ યોગ પ્રોટોકોલ શિબિરમાંભાગ લેનાર તમામ યોગ સાધકને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ઈ સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

આઈ.ટી.આઈ.કુબેરનગર ખાતે સમર સ્કિલ વર્કશોપ બન્યો આકર્ષણનું કેન્દ્ર

વિદ્યાર્થીઓને સંસ્થાના ઔદ્યોગિક વાતાવરણ, ટ્રેડની જાણકારી, રોજગારી-સ્વ રોજગારી અને મશીનરીથી અવગત કરાયા

તાલીમાર્થીઓ દ્વારા નિર્મિત પ્રોજેક્ટ, ઈનોવેટીવ મોડેલ, ચાર્ટનું પ્રદર્શન, ઓટો ગૃપ દ્વારા વાયર રોબો કારનો પ્રોજેક્ટ બનાવી વિદ્યાર્થીઓ વચ્ચે રેસનું આયોજન

કમલમ્ ન્યુઝ,

વિદ્યાર્થીઓનો સ્કિલ ટ્રેનીંગ પ્રત્યે ઉત્સાહ પેદા થાય તે હેતુંથી રાજયની તમામ સરકારી આઈ.ટી.આઈ. ખાતે 'સમર સ્કિલ વર્કશોપ' યોજવાનુંઆયોજન રાજ્ય સરકાર દ્વારાકરવામાં આવ્યું છે. જે અંતર્ગત આઈ.ટી.આઈ. કુબેરનગર ખાતે તા. ૧૧/૦૬/૨૦૨૪ થી શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે સમર સ્કિલ વર્કશોપનું આયોજન કરવામાંઆવ્યું હતુ.આ વર્કશોપમાં શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે સંસ્થાના ઔદ્યોગિક વાતાવરણ, ટ્રેડની જાણકારી, આઈ.ટી.આઈ. કર્યા પછી મળતી રોજગારી-સ્વ રોજગારી અને મશીનરીની માહિતી આપવામાં આવી હતી. સાથોસાથમેથેમેટિકલ લેબોરેટરી, તાલીમાર્થીઓનાકૌશલ્યને પ્રદર્શિત કરતા અને તેમના દ્વારા બનાવેલ આધુનિક ટેકનોલોજીને અનુરૂપ પ્રોજેક્ટ, ઈનોવેટીવ મોડેલ, ચાર્ટ આકર્ષણનું કેન્દ્ર બન્યા. ઓટો ગૃપ દ્વારા વાયર રોબો કારનો પ્રોજેક્ટ બનાવી વિદ્યાર્થીઓ વચ્ચે રેસનું આયોજનપણ કરવામાંઆવ્યું છે. આમ,આઈ.ટી.આઈ. કુબેરનગર દ્વારા આયોજીત સમર સ્કિલ વર્કશોપમાં વિદ્યાર્થીઓ હાઉસ હોલ્ડ એક્ટીવીટીમાં ભાગ લઈ સ્કિલ ટ્રેનિંગપ્રત્યે અભિરુચી પેદા કરી રહ્યા છે. ભાગ લેનાર વિદ્યાર્થીઓને વિના મુલ્યે ૯૦૦ જેટલી કિટ પણ આપવામાંઆવે છે. હાલમાં આઈ.ટી.આઈ.અભ્યાસ માટે જે એડમિશન ચાલી રહ્યા છે જેમાં ૪૧ જેટલા ટ્રેડમાં કુલ ૨૯૦૦ જેટલી બેઠકો ભરવાની થાય છે. આઈ.ટી.આઈ.ની તાલીમ પૂર્ણ કર્યા બાદ ઈચ્છુક તમામ તાલીમાર્થીઓને પ્લેસમેન્ટ અને એપ્રેન્ટીસશીપની ઓફર કરવામાં આવેછે. ન્યુ એજ્યુકેશનલ પોલિસી ૨૦૨૦ અંતર્ગત આઈટીઆઈનો બે વર્ષનો કોર્ષ પૂર્ણ કર્યા બાદ તેને ૧૨ ધોરણ પાસસમકક્ષ ગણવામાં આવેછે. આમ,આઈટીઆઈ કર્યા બાદ સીધા ડિપ્લોમા, ડિગ્રી કે ગ્રેજ્યુએશન કોર્ષમાં પ્રવેશ મેળવી શકે છે. હાલ આઈ.ટી.આઈ ખાતે પ્રિ-પ્લેસમેન્ટ ડ્રાઈવ હેઠળ ૮૦ કંપની દ્વારા ૩૭૫ તાલીમાર્થીઓને નોકરીમાંરુપિયા ૧૫હજારથી ૨૦ હજારનાપગાર સાથેઓફર આપી છે. ક્વેસકોપ કંપની દ્વારા ટાટા મોટર્સમાં ૧૩૭ તાલીમાર્થીઓને રુપિયા ૧૪૫૨૦/- ઉપરાંત બીજા ભથ્થાઓના પગારની નોકરી આપવામાં આવી છે. કંપની ડિપ્લોમાઈન મેકાટ્રોનિકસ કરવાની 'Earn with Learn'નીતક પણ આપશે જે તેના ઉજ્જ્વળ ભવિષ્ય માટે લાભદાયી રહેશે. ધોરણ ૮ પાસ, ૧૦ પાસ, ૧૨ પાસ કે તેનાથી વધુ ભણેલા વિદ્યાર્થીઓએ કૌશલ્ય આધારિત ઉજ્જ્વળકારકિર્દીમાટે શુંકરવુંતેની દ્વિધાહોય તેવાતમામ વિદ્યાર્થીઓએ એક વખત આઈ.ટી.આઈ કુબેરનગરની જરૂરથી મુલાકાત લેવા આચાર્યશ્રી દ્વારા અખબારી યાદીમાંજણાવ્યું છે.

રાજ્યનો કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે એ જ રાજ્ય સરકારનો ધ્યેયમંત્ર – પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

તા. ૨૬,૨૭ અને ૨૮ જૂનના રોજ શાળા પ્રવેશોત્સવ ના ૨૧મા તબક્કાનું આયોજન

આ વર્ષે બાલવાટિકા અને ધોરણ-૧ ઉપરાંત ધોરણ-૯ અને ધોરણ ૧૧ માં પણ શાળા પ્રવેશોત્સવ યોજાશે

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાંથયેલ ચર્ચા સંદર્ભે મીડિયાને સંબોધતા પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશપટેલે જણાવ્યું હતુ કે, તા. ૨૬મીજુન થીરાજ્યમાં શાળા પ્રવેશોત્સવના ૨૧ માં તબક્કાનો પ્રારંભ થનાર છે. જે તારીખ ૨૮ જુન સુધી ચાલશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં યોજાનાર આ ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ માં પ્રથમ વખત બાળવાટિકા અને ધોરણ– ૧ માં પ્રવેશઉપરાંત ધોરમ ૯ અને ધોરણ ૧૧ માં પણ પ્રવેશોત્સવની ઉજવણીકરાશે. જેમાં મુખ્ય મંત્રી શ્રી , મંત્રી મંડળના વિવિધ સભ્યો, અધિકારી અને પદાધિકારીઓ વિવિધ શાળાઓમાં જઈને બાળકોનુંઉત્સાહવર્ધન કરશે. સમગ્ર રાજ્યમાં યોજાનાર ૨૧મા શાળા પ્રવેશોત્સવ માં રાજ્યના ૩૨.૩૧ લાખ બાળકો લાભાન્વિત થશે જેમાંબાલવાટિકામાં ૧૧.૭૩ લાખ, ધોરણ-૦૧માંપ્રવેશ ૩.૬૨ લાખ, ધોરણ-૦૯માં પ્રવેશ ૧૦.૩૫ લાખ ધોરણ-૧૧માં ૬.૬૧ લાખ બાળકો પ્રવેશ મેળવશે. રાજ્યમાંનાના બાળકોના બાલવાટિકા શિક્ષણથી માંડીને ઉચ્ચર શિક્ષણ સુધી કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવા માઈક્રો પ્લાનીગ સાથે શાળા પ્રવેશોત્સવની તૈયારીઓ રાજ્ય સરકારકરી રહી છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છેવાડાના નાગરિકોને/બાળકોને મુખ્ય ધારામાં લાવવા અને ડ્રોપ આઉટ દરને ઝડપીરીતે ઘટાડવાનો છે. રાજ્યના વધુમાં વધુ બાળકો શાળામાં પ્રવેશ મેળવીને શિક્ષણ મેળવે તે દિશામાં આ પ્રયાસ છે . ઉલેખ્ખનીય છે કે, ૨૧મો શાળા પ્રવેશોત્સવ આ વર્ષે તા.૨૬, ૨૭ અને ૨૮ જુનના રોજ રાજ્યની શાળાઓમાં યોજાશે. પ્રાથમિક થી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ઉપરાંત જ્ઞાન શક્તિ રેસીડેન્શીયલ સ્કુલ તથા રક્ષાશક્તિ રેસીડેન્શીયલ સ્કુલ્સમાં પણ શાળા પ્રવેશોત્સવ યોજાશે. જેમાં મુખ્ય મંત્રીશ્રી, અન્ય મંત્રીશ્રીઓ, અધિકારી અને પદાધિકારીઓ શાળા પ્રવેશોત્સવમાં ઉપસ્થિત રહીને બાળકોનું ઉત્સાહવર્ધન કરશે.

શાળા પ્રવેશોત્સવની સાથોસાથ રાજ્ય સરકાર દ્વારા આ વર્ષના બજેટમાં નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજના શરૂ કરવામાં આવી છે. તદ્ઉપરાંત મુખ્ય મંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ અને જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજનાની શરૂઆત પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવી છે. આ તમામ યોજનાના લાભોથી પણ પ્રવેશોત્સવ દરમિયાન પાત્રતા ધરાવતા બાળકોને લાભાન્વિત કરવામાં આવશે તેમ મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ઉમેર્યુ હતુ.

વિજયનગરના અંદ્રોખા ખાતે વિશ્વ સિકલસેલ દિવસ લોકસભા સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયાની અધ્યક્ષતામાં ઉજવાયો.

વિજયનગર, પોશીના અને ખેડબ્રહમા તાલુકામાં ૧૦,૦૦૦ જેટલા બાળકોના સિકલસેલ અંતર્ગત સ્ક્રિનીગ કરાશે

કમલમ્ન્યુઝ,ઈકબાલમેમણ

સમગ્રદેશમાં ૧૯જૂને વિશ્વ સિકલસેલ દિવસની ઉજવણી કરવામાં આવે છે. તેના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લામાં દલીબા નર્સિંગ કોલેજ અન્દ્રોખા, વિજયનગર ખાતે લોકસભા સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયાની અધ્યક્ષતામાં અને રાજ્યસભા સાંસદશ્રી રમીલાબેન બારાની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યકર્મમાં લોકસભા સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા સંબોધતા જણાવ્યું હતું કે, સિકલસેલ એક આનુવંશિક રોગ છે.આ રોગના કારણે સિકલસેલદર્દીના જીવનમાં સામાન્ય કરતાં વધારે તકલીફ પડતી હોય છે. આ રોગની ગંભીરતાને ધ્યાને લઈને દર્દીની તકલીફ દૂર થાય અને આ રોગઆગામી પેઢીમાં ન પ્રસરે તેવા ઉમદા હેતુથી દેશના વડાપ્રધાનશ્રીના હસ્તે ૧૭ રાજ્યોમાં સિકલ સેલ એનિમિયા નાબુદી મિશન ૨૦૪૭ કાર્યક્રમનો ગત વર્ષથી પ્રારંભ કરાવવામાં આવ્યો છે. વધુમાંતેમણે ઉમેર્યુ કે, આ વિસ્તારમાં સિકલ સેલ અંગે ખુબ જ જાગૃતિઆવી છે જેના માટે આરોગ્ય વિભાગને હું અભિનંદન પાઠવું છું. આ રોગને આપણે સૌએ સાથે મળી હરાવવાનો છે. રાજ્યસભા સાંસદશ્રી રમીલાબેન બારાએ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સૌની ચિંતા કરે છે. આપણે સૌ સાથે મળી તેમના આસિકલ સેલએનિમિયા નાબુદી મિશન ૨૦૪૭ને સફળ કરવા પ્રયત્નશીલ બનીએ.જિલ્લા કક્ષાના કાર્યક્રમ સ્થળે રક્તદાન કેમ્પ, સિકલસેલ સ્ક્રિનિંગ ઉપરાંત એનસીડી કેમ્પ, ટીબીના શંકાસ્પદ દર્દીઓનું સ્ક્રિનિંગ, પીએમ જેવાય કાર્ડ, આભાઆઈ.ડી. તૈયાર કરવાનું પણ વિશેષ આયોજન કરાયું હતું. ત્રણ ટ્રાઈબલ તાલુકાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પણસિકલસેલ અંતર્ગત સ્ક્રિનિંગ અને આરોગ્ય શિક્ષણની કામગીરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રીનૈમેષદવે, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી આરોગ્ય સમિતિનાચેરમેનશ્રીઅનસુયાબેન ગામેતી, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીડો.રાજસુતરીયા, જિલ્લા પંચાયતનાસદસ્યશ્રીઓ, આરોગ્ય વિભાગના કર્મચારી /અધિકારી તેમજ મોટી સંખ્યામાંદર્દીઓ અને નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા.

ડાંગ જિલ્લાના વઘઈ ખાતે ‘વિશ્વ સિકલ સેલ દિવસ’ ની ઉજવણી કરાઈ



કમલમ્ન્યુઝ,અમરનાથજગતાપ

સિકલ સેલ એનેમિયા એ એક આનુવંશિક બિમારી (જિનેટિક બ્લડ ડિસઓર્ડર) છે, જે મુખ્યત્વે આદિવાસી સમુદાયના લોકોને અસર કરે છે. સમગ્ર વિશ્વમાં આ બીમારી પ્રત્યે જાગૃતિ વધારવાના ઉદ્દેશથી પ્રતિ વર્ષ ૧૯ જૂનના રોજ ‘વિશ્વ સિકલસેલ દિવસ’ની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે ડાંગ જિલ્લાના વઘઈ ખાતેતાલુકાપંચાયત પ્રમુખ શ્રી ચંદરભાઈ ગાવિતના અધ્યક્ષ સ્થાને જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સિકલસેલ એનિમિયાદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ દરમિયાન તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ચંદરભાઈ ગાવિતે જણાવ્યું કે, સિકલસેલ એઆનુવંશિક રોગ છે. પ્રતિવર્ષ આદિવસની ઉજવણી કરી સૌને યાદ અપાવવામાં આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં સિકલ સેલ નાબૂદી માટેનો દેશવાસીઓને લક્ષ્યાંક આપ્યો છે, ત્યારે આ ધ્યેયને સિદ્ધ કરવા માટે નાગરિક તરીકે આપણે સ્વયં જાગૃત થઈને સિકલસેલ જેવીબિમારી અંગે જાગૃતિ ફેલાવીએ, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસો તથા શિક્ષણના માધ્યમથી આ બિમારીને આપણેનાબૂદ કરીશકીએ છીએ. ડાંગ જિલ્લો આદિવાસી વસ્તી ધરાવતો હોવાથીઅહીંસિકલસેલનું પ્રમાણ વધુ જોવા મળેછે ત્યારે, જિલ્લા આરોગ્યવિભાગદ્વારા આજે જિલ્લાના તમામ આરોગ્ય કેન્દ્રો તેમજ શાળાઓમાંસિકલસેલ એનિમિયાનું સ્ક્રિનીંગ કરવામાં આવ્યું છે. જે ખૂબ જ પ્રસંશનીય બાબતછે, તેમશ્રી ચંદરભાઈએ વધુમાં જણાવ્યું હતુ. જિલ્લાના ઈન્ચાર્જ અધિક આરોગ્ય અધિકારી શ્રીમતી ડો. સ્વાતી પવારે પોતાના પ્રાસંગિક વકતવ્યમાં સિકલસેલ એનિમિયાના લક્ષણો અને તેના નિદાન અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી. હાલમાં આરોગ્ય ક્ષેત્રમાં ટેકનોલોજી સંશોધનથી સિકલસેલના દર્દીઓ લાંબુ આયુષ્ય જીવીશકે છે. સિકલસેલના દર્દીઓ ઓછુ જીવે છે, તે માન્યતા તોડવાની જવાબદારીઆપણીછે. તેમઆહવા સિવિલ હોસ્પિટલના મનોચિકિત્સકશ્રી ડો.અંકિત રાઠોડે જણાવ્યું હતુ. લગ્નની કુંડળી જોતા પહેલાં સિકલસેલના વાહક છે કે નહિ તે ચકાસવું જરૂરી છે, તેમ જણાવી ડો.રાઠોડે, સિકલસેલના બન્ને વાહકો હોય તો તેઓએ એકબીજા સાથે લગ્ન કરવા જોઈએ નહિં. જેથી ભવિષ્યમાં સિકલસેલના દર્દીઓમાં ઘટાડો કરીશકાય છે, તેમ ઉમેર્યું હતુ. તેમજ સિકલસેલની માહિતી મેળવી અન્ય લોકોને પણ આ બિમારી વિશે જાગૃત કરવા શ્રી અંકિત રાઠોડે લોકોને અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાંજિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેનશ્રીમતી મયનાબેન બાગુલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી એસ.જી.તબીયાર, ડાંગજિલ્લા એપેડેમીક મેડીકલ ઓફિસરશ્રી ડો.ડી.કે.શર્મા, વઘઈ મામલતદાર શ્રી એમ.આર.ચૌધરી, વઘઈ તાલુકાવિકાસ અધિકારી શ્રીમતી મિનાબેન પટેલસહિત આરોગ્યવિભાગના અધિકારી-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સિકલસેલ એનિમિયાં એ વારસાગત રોગ છે. જે રંગસુત્રોની ખામીને લીધે થાય છે. સિકલસેલ રોગમાં ખામીયુકત રંગસુત્રો માતા-પિતામાંથી બાળકને વારસામાં મળે છે.

સિકલસેલ એનિમિયા વિશે જાણવા જેવુ

ભારતના મોટાભાગના આદિવાસી રાજ્યોમાં આરોગનુ પ્રમાણ ૨ થી ૩૪ ટકા સુધીનું છે. ગુજરાતમાં દાંતાથી ડાંગ સુધીના પુર્વના ડુંગરાળ વિસ્તારમાં વસેલા આદિવાસીઓમાં આશરે દર ૧૦૦ વ્યક્તિએ ૫ થી ૩૪ લોકો સિકલસેલ વાહક અને ૧ થી ૨ વ્યક્તિ સિકલસેલ રોગ ધરાવે છે. ગુજરાતમાં સુરત, વલસાડ, નવસારી, ડાંગ, પંચમહાલ, ગોધરા, ભરૂચ,નર્મદા, વડોદરા, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાના આદિવાસીઓમાં આ રોગનું પ્રમાણ વધુ છે. દરેક વ્યક્તિને ખાસ કરીને સિકલસેલ રોગવાળા બાળકોને આ રોગને લીધે વારેઘડીએ ગંભીર કટોકટીઓ ઉદ્ભવવાની શક્યતા રહે છે.

સિકલસેલનાપ્રકાર

સિકલસેલનાબે પ્રકારછે. સિકલસેલ વાહક (૫૦%) અને સિકલસેલ ડીસીઝ (૧૦૦%) છે. સિકલસેલવાળું કપલ લગ્ન કરે તોબાળક સિકલસેલવાળૂ જન્મેછે. તેથી સિકલસેલ વાળા સ્ત્રી અને પુરૂષે લગ્ન ના કરવાજોઈએ.

સિકલસેલ ડીસીઝ નાં લક્ષણો

શરીર ફીક્કુપડી જવું, વારંવાર કમળો થવો, બરોળ મોટી થવી, હાથ અને પગનાં સાંધામાં સોજો આવવો, અને દુઃખાવો થવો, વારંવાર તાવઆવવો. શરીરમાં કળતર થવું, મુત્રમાં લોહી જવાની તકલીફ, સગર્ભા માતાને ગર્ભપાત થવાની તકલીફ.

સિકલસેલના દર્દીએ લેવાની કાળજી

સિકલસેલના દર્દીએ ખૂબ પાણી પીવુ જોઈએ, નિયમિતફોલિક એસીડઅને જરૂરી દવાલેવી જોઈએ, લીલા શાકભાજી/ફળોનો ઉપયોગ તેમજ સમતોલ આહાર લેવો જોઈએ, વધુ ઠંડીમાં મફલર પહેરવા તથા નિયમિત ડોકટરી તપાસકરાવવી જોઈએ.

આવા દર્દીએ વધુ શારીરિક શ્રમવાળી કસરતો ન કરવી જોઈએ, વધુ ઉંચાઈવાળી જગ્યાએન જવુજોઈએ, વધુગરમીમાં બહાર ન જવુંતેમજ વરસાદકે ઠંડાપાણીમાં પલળવું નહી.

જામનગર જિલ્લા પંચાયતની આઈસીડીએસ શાખા દ્વારા ૧૫ સ્માર્ટઆંગણવાડીઓનું ઈ- લોકાર્પણ કરાયું

કમલમ્ ન્યુઝ,જામનગર

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મેયબેન ગરસરના અધ્યક્ષસ્થાને આઈસીડીએસ શાખા દ્વારા નવનિર્મિત ૧૫ સ્માર્ટ આંગણવાડીઓનું ઈ- લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જામનગર જિલ્લા પંચાયતની વર્ષ ૨૦૨૩-૨૪ ની સ્વભંડોળની ગ્રાન્ટમાંથી સમગ્ર જિલ્લામાં ૧૫ સ્માર્ટ આંગણવાડીનું નિર્માણ કરવામાં આવ્યુંછે. કાર્યક્રમનીશરૂઆત દીપ પ્રાગટ્ય વડે કરાઈ હતી. દીપ પ્રાગટ્ય કરાયા બાદ આંગણવાડીના ભૂલકાઓએ બાળગીત પર સુંદર નૃત્યની પ્રસ્તુતિ કરી હતી. સમગ્ર વર્ષ દરમિયાન જિલ્લાના વિવિધ આંગણવાડી કેન્દ્રોમાં શ્રેષ્ઠ ફરજ બજાવનાર આંગણવાડી કાર્યકરોનું શિલ્ડ આપીને તેમનું સન્માન કરવામાં આવ્યુંહતું. મહેમાનોને ભેટ સ્વરૂપે પુષ્પગુચ્છનાબદલે આંગણવાડીના બાળકોએ તૈયાર કરેલી પ્રતિકૃતિ આપવામાં આવીહતી. જામનગર જિલ્લામાં જગા, ખીજડીયા, સરમત, સિક્કા, દરજીશેરી, નાના ગરેડીયા, જોડિયા, કાલાવડ, મેમાણા, જોગવડ, જામજોધપુર, તરસાઈ, મોટા વડીયા મળીને કુલ ૧૫ સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોનું નવનિર્માણ કરવામાં આવ્યું છે. તેમજ આંગણવાડીઓની વિવિધ સેવાઓ, ઉપલબ્ધિઓદર્શાવતું સુંદર વિડીયો ગીત ''અમે કોણ, અમે આંગણવાડીવાળા'' નું મંચસ્થ મહાનુભાવોના હસ્તે લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. જામનગર જિલ્લા પંચાયતની વર્ષ ૨૦૨૩-૨૪ ની સ્વભંડોળની રૂ.૧૫ લાખની ગ્રાન્ટમાંથી એક આંગણવાડીકેન્દ્ર દીઠ રૂ.૧ લાખનું બજેટફાળવવામાં આવ્યુંહતું. જેના અનુસંધાનેકુલ રૂ.૧૫લાખના ખર્ચે ૧૫ સ્માર્ટ આંગણવાડી કેન્દ્રો બનાવવામાં આવ્યાછે. ઉલ્લેખનીય છે કે જામનગર જિલ્લા પંચાયતની વર્ષ ૨૦૨૧-૨૨ ની સ્વભંડોળની ગ્રાન્ટમાંથી સમગ્ર જિલ્લામાં ૧૦ જેટલા સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોનું નિર્માણ કરાયું હતું.

સ્માર્ટ આંગણવાડીએટલે શું

સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોમાં વોટર પ્રુફિંગ કલરકામ, આકર્ષક ચિત્રકામ, શરીર, ફળો, શાકભાજી, વાહન, પશુ, પક્ષી, ઋતુ, તહેવારો વગેરે માહિતીસભર ચાર્ટ્સ, રસોઈ માટેના તમામ સાધનો, ડીશ કનેકશન, એલઈડીટીવી, બ્લ્યુટુથ માઈક જેવી નાની મોટી તમામ સુવિધાઓ ઉપલબ્ધ હોય છે. બાળકોને તેમના ઘર જેવું જ વાતાવરણ આંગણવાડી કેન્દ્રમાં મળેતે માટે સમગ્ર સ્ટાફમિત્રો દ્વારા નાની નાની વાતોની કાળજી લેવામાંઆવે છે.બાળકોને દરરોજ પૌષ્ટિક તત્વોથી ભરપૂર સવારનો નાસ્તો અને ભાવતા ભોજનીયા પીરસવામાં આવે છે.ડિસ્ટ્રીકટ આઈસીડીએસ પ્રોગ્રામ ઓફિસર સુશ્રી બિનલ સુથારે ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે ધ્રોલ સીડીપીઓ નર્મદા થોરિયાએ આભારવિધિ કરી હતી. ઉક્ત કાર્યક્રમમાં જિલ્લા વિકાસઅધિકારી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પંચાયતના પદાધિકારીઓ સર્વે શ્રીમતી ભાવનાબેન ભેંસદડિયા, શ્રીમતી પ્રવિણાબેન ચભાડીયા, શ્રીમતી ગોમતીબેન ચાવડા, આરોગ્ય અધિકારી ડો.નૂપુર પ્રસાદ, આઈસીડીએસ શાખાના અધિકારીગણ, કર્મચારીગણ, વિવિધ આંગણવાડીના કાર્યકર બહેનો, તેડાગર બહેનો, મુખ્ય સેવિકા બહેનો, આંગણવાડીમાં અભ્યાસ કરતા ભૂલકાઓ, વાલીઓ અને બહોળી સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા હતા.

જામનગર GSFC ખાતે એમોનિયા ગેસ લીકેજસમયે ઈમરજન્સીમાં બચાવકાર્ય અંગેની મોકડ્રીલ યોજાઈ





કમલમ્ ન્યુઝ,જામનગર,

જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, કલેકટર કચેરી જામનગરઅનેજામનગરમહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે જામનગર જી.એસ.એફ.સી. ખાતેએમોનિયા લીકેજ સમયે ઈમરજન્સીમાં બચાવ રાહતકાર્યનીસફળતાપૂર્વક મોકડ્રીલ યોજાઈ હતી.જિલ્લા કલેકટર બી.કે.પંડ્યાના માર્ગદર્શન હેઠળ સમગ્ર મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં પ્રાંત અધિકારી જામનગર ગ્રામ્ય ઈન્સીડેન્ટ કમાન્ડર તરીકે આ મોકડ્રીલમાં સહભાગી થયાં હતાં. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન ટીમ જામનગર, મહાનગરપાલિકા ની ફાયર શાખા, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગ, આરોગ્ય વિભાગ, ૧૦૮ ઈમરજન્સી સેવા સહિત તમામ સંલગ્ન વિભાગોના સભ્યોએ હાજર રહી પોતાની SOP મુજબની તાકીદની કામગીરી મોકડ્રીલદરમિયાન પૂર્ણ કરી હતી.મોકડ્રીલ પૂર્ણ થયા બાદ ડી-બ્રીફ મિટિંગ યોજવામાં આવેલ હતી જેમાં તમામના મંતવ્યો જાણી પ્રાંત અધિકારી ગ્રામ્ય દ્વારા જરૂરી સૂચનો આપવામાં આવેલ. ભવિષ્યમાં જો આવી કોઈ આપત્તિ ઉભી થાય ત્યારે વિવિધ વિભાગની શું ફરજ હોય છે, તેની ચર્ચા કર્યા બાદ આ ડ્રીલમાં સહભાગી થયેલ તમામ કર્મચારીઓનો આભાર વ્યક્ત કરીઆ મોકડ્રીલ પૂર્ણ જાહેર કરવામાંઆવી હતી.

સ્વેચ્છાએ ધાર્મિક દબાણ દૂર કરનાર નાગરિકોનું સન્માન કરતા જિલ્લા કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજા

અનુકરણીય ઉદાહરણ રજૂ કરનાર નાગરિકોનું શાલ ઓઢાડી સન્માન કર્યું

કમલમ્ ન્યુઝ,સોમનાથ,

વેરાવળ શહેરમાં જિલ્લા કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ અનઅધિકૃત દબાણોખુલ્લા કરવા પૂરઝડપે કામગીરી થઈ રહી છે. કલેક્ટરશ્રીની સ્વેચ્છાએદબાણ દૂર કરવાની અપીલને પણ સાનુકૂળ પ્રતિસાદ મળીરહ્યોછે. જે અંતર્ગત શહેરમાં આવેલા અનધિકૃત દબાણોને લોકોસ્વેચ્છાએ દૂર કરી રહ્યાં છે. આવા જ એક કિસ્સામાં વેરાવળ-સોમનાથ બાયપાસ પાસે સિગડી હોટેલની સામે ધાર્મિક જગ્યાએ ગેરકાયદેસર બાંધકામ થયેલું હતું. જે પાણીના નિકાલ માટેની વ્યવસ્થામાંબાધરૂપ બનતું હતું. આ ઉપરાંતનેશનલ હાઈવેની માલિકીમાં આ જગ્યા હોવાના કારણે માર્ગ અકસ્માતની શક્યતા પણ હતી. જેને ધ્યાને લઈ જિલ્લા કલેકટરશ્રી દ્વારા આ જગ્યાની દેખરેખ રાખતાંજવાબદાર લોકોને ધાર્મિક જગ્યા પરનું દબાણ સ્વેચ્છાએ દૂર કરવા માટે સમજૂત કરવામાં આવ્યાં હતાં. જેનો સાનુકૂળ પ્રતિસાદ આપતાં નિશાદ દાદા મન્સૂરી, સુલેમાન મહમદ, સલીમભાઈ માયાએ સ્વેચ્છાએ આ ધાર્મિક દબાણ દૂર કરીને અન્ય નાગરિકો માટે અનુકરણીય ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. વેરાવળ સમસ્ત મુસ્લિમ સેવા સમાજના પ્રમુખઅને પટણીજમાતના પટેલ અને શિક્ષકશ્રી અફઝલપંજાએ પણ કલેકટરશ્રીની આઅપીલને ધ્યાનમાં લઈ મધ્યસ્થતાકરી આદબાણ દૂર કરવામાં મદદ કરી હતી. આ કામગીરીને બીરદાવતા કલેક્ટરશ્રીએ તાજેતરમાં નિશાદ દાદા મન્સૂરી, સુલેમાન મહમદ, સલીમભાઈ માયા અને મધ્યસ્થી કરનાર શિક્ષક શ્રી અફઝલ પંજાનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. જનતાને ખુલ્લાઅને પહોળા રોડ-રસ્તા મળે તેમજ બીનજરૂરી દબાણ દૂર થાય તે માટે કલેક્ટરશ્રી વ્યક્તિગત રસ લઈને નગરમાં ગેરકાયદેસર રીતે ઉભા થયેલા દબાણો દૂર કરવાનું અભિયાન ચલાવી રહ્યાં છે. ત્યારે નાગરિક સમાજમાંથી સામેથી આ દબાણો દૂર કરીને કલેકટરશ્રીની આ કામગીરીને અપ્રત્યક્ષ રીતે અનુમોદન આપીરહ્યાં છે. હજુ પણ જિલ્લામાંજાહેર રોડસહિત જાહેર જગ્યા તેમજ વિવિધ સ્થળોએ ગેરકાયદેસર દબાણો છે તે સ્વેચ્છાએ દૂર કરી વહીવટી તંત્રને સહયોગ આપવા કલેકટરશ્રીએ અપીલ કરી છે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્નેહલ ભાપકર, અધિક કલેકટર શ્રી રાજેશ આલ તેમજ પ્રાંત અધિકારી શ્રી વિનોદભાઈ જોશીએ પણ નાગરિક સમાજની આ સ્વૈચ્છિક પહેલને બીરદાવી હતી.

શ્રી ચિરાગ પાસવાન અને શ્રી રવનીત સિંહે વર્લ્ડ ફૂડ ઈન્ડિયા ૨૦૨૪ માટે વેબસાઈટ અને મોબાઈલ એપ લૉંચ કરી

કમલમ્ ન્યુઝ,

વર્લ્ડ ફૂડ ઈન્ડિયાની ૩જી આવૃત્તિના અગ્રદૂતતરીકે, કેન્દ્રીય ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રી, શ્રી ચિરાગપાસવાન અને કેન્દ્રીય ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ અને રેલ્વે રાજ્ય મંત્રી, શ્રી રવનીત સિંહે વર્લ્ડ ફૂડ ઈન્ડિયા ૨૦૨૪ માટે વેબસાઈટ અને મોબાઈલએપ્લિકેશન લોન્ચ કરી. પોતાનાં મુખ્ય સંબોધનમાં શ્રી ચિરાગ પાસવાને કૃષિનો બગાડ ઘટાડવા, મૂલ્ય સંવર્ધનને પ્રોત્સાહન આપવા, ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા અને ખેતરથી કાંટા સુધી પુરવઠા શ્રુંખલાને મજબૂત કરવામાં ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્રની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. ભારતસરકારે તેના સંપૂર્ણ સરકારી અભિગમ દ્વારા ખાદ્ય અને આનુષંગિક ક્ષેત્રોમાં મૂલ્ય શ્રુંખલાનાસર્વાંગી વિકાસપર ભાર મૂક્યો છે અને આત્માનિર્ભાર અને વિકસિતભારતના લક્ષ્યતરફ કામ કરી રહી છે. શ્રી પાસવાને ઉમેર્યું હતું કે, મંત્રાલય આ ક્ષેત્રની વૃદ્ધિને ટેકો આપવાઅને તેનેટકાવી રાખવા માટે મુખ્ય યોજનાઓ પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના (પીએમકેએસવાય), પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ (પીએલઆઈએસ) અને પ્રધાનમંત્રી માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝિસ (પીએમએફએમઈ)નું ઔપચારિકરણ કરી રહીછે. તેમણે ઉલ્લેખ કર્યો કે મંત્રાલય ૧૯મીથી ૨૨મી સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન વૈશ્વિક અને ભારતીય ખાદ્ય ક્ષેત્રના હિસ્સેદારો વચ્ચે સહયોગ અને ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે, વર્લ્ડ ફૂડ ઈન્ડિયા - દેશની સૌથી મોટી ફૂડ ઈવેન્ટનું આયોજન કરી રહ્યું છે. વધુમાં, આ વર્ષે, વધતી જતી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વેગ આપવા માટે અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે, મંત્રાલય સ્ટાર્ટઅપ ઈન્ડિયાના સહયોગથી સ્ટાર્ટઅપ ગ્રાન્ડ ચેલેન્જની ૨જી આવૃત્તિ શરૂ કરીરહ્યું છે. વર્લ્ડ ફૂડ ઈન્ડિયા ૨૦૨૩ એ ૧,૨૦૮ પ્રદર્શકો, ૯૦ દેશો, ૨૪ રાજ્યોમાંથી ૭૧૫ આંતરરાષ્ટ્રીય ખરીદદારો અને ૭૫,૦૦૦ પ્રતિભાગીઓની સાક્ષી આપતી જબરદસ્તસફળતા હતી. આ મેગા ઈવેન્ટમાં 16,000 B2B/B2G મીટિંગ્સ, રાઉન્ડ ટેબલ ચર્ચાઓ, ૪૭ થીમેટિક સત્રો, એમઓયુ પર હસ્તાક્ષર, પ્રદર્શનો, એક સ્ટાર્ટ-અપ ગ્રાન્ડ ચેલેન્જ અને વધુ દર્શાવવામાં આવ્યું હતું, જે વૈશ્વિક પ્લેટફોર્મ પર ફૂડ પ્રોસેસિંગ અને સંલગ્ન ક્ષેત્રે ભારતની પરાક્રમનું પ્રદર્શન કરે છે. રાજ્ય મંત્રી શ્રી રવનીત સિંહે પોતાનાં વિશેષ સંબોધનમાં ભારતનાં ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્રમાં પરિવર્તનની સંભવિતતા પર ભાર મૂક્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ફૂડ-પ્રોસેસિંગટેકનોલોજીમાં થયેલી પ્રગતિ કૃષિ સંપત્તિને મજબૂત આર્થિક પરિબળમાંપરિવર્તિત કરી શકે છે.

શ્રી સિંહે ઉલ્લેખ કર્યો હતો કે, સરકારનાં વિવિધ સુધારાઓ મારફતે રોકાણને પ્રોત્સાહન આપવા, ભારતનાંવિસ્તૃત બજારનો લાભ લેવા અને યુવા કર્મચારીઓને ગતિશીલ બનાવવા સક્રિય વલણ ધરાવે છે. તેમણે આગામી મેગા ઈવેન્ટનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે, આ યોજના ખાદ્ય ઉદ્યોગના તમામ પાસાંઓનાં હિતધારકોને એકમંચ પર લાવશે. આમાં ઉત્પાદકો, ઉત્પાદકો, રોકાણકારો, નીતિ ઘડવૈયાઓ અને વૈશ્વિક સંગઠનોનો સમાવેશ થાય છે, જેઓ વિચારોનું આદાનપ્રદાન કરવા, તકો શોધવા અને આ ક્ષેત્રના સર્વાંગી વિકાસમાં ફાળો આપવા તૈયાર છે. સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ વિશિષ્ટ મેળાવડાનો ઉદ્દેશ સહયોગ અને નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે, દરેકને વિકાસની ગતિ જાળવવાના મંત્રાલયના પ્રયત્નોને ટેકો આપવા વિનંતી કરી હતી.

સામૂહિક કામગીરી અને સહિયારા વિઝન મારફતે આ ઈવેન્ટ નોંધપાત્ર પ્રગતિને વેગ આપવા અને વૈશ્વિક ખાદ્ય ઈકોસિસ્ટમમાં ભારતની સ્થિતિને મજબૂત કરવાની આકાંક્ષા ધરાવે છે. એફપીઆઈનાં સચિવ શ્રીમતી અનિતા પ્રવીણે જણાવ્યું હતું કે, અગાઉની એડિશનને અનુરૂપ ડબલ્યુએફઆઈ ૨૦૨૪ ઉદ્યોગ સંચાલિત સર્વસમાવેશક ઈવેન્ટ છે, જેનું આયોજન ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું છે. તેમણે પાછલી આવૃત્તિમાં જબરદસ્ત ભાગીદારી માટે આભાર વ્યક્ત કર્યો હતો અને ૪-દિવસીય ફ્લેગશિપ ઈવેન્ટમાં વરિષ્ઠ સરકારી મહાનુભાવો, વૈશ્વિક રોકાણકારો, બિઝનેસલીડર્સ અને ફૂડ પ્રોસેસર્સ, ઈક્વિપમેન્ટ ઉત્પાદકો, લોજિસ્ટિક્સ અને કોલ્ડ ચેઈન પ્લેયર્સ, ટેકનોલોજી પ્રોવાઈડર્સ, સ્ટાર્ટ-અપ્સઅને ફૂડરિટેલર્સ જેવા હિતધારકોને આમંત્રણ આપ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો શિક્ષણલક્ષી ઐતિહાસિક નિર્ણય

રાજ્યમાં આગામી ત્રણ મહિનામાં ૭૫૦૦ જેટલા TAT Second-ary અને TAT higher Secondary પાસ ઉમેદવારોની કાયમી ભરતી કરાશે – પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ

TET-1 અને TET-2 ઉમેદવારોની પણ ભરતી પ્રક્રિયા ટૂંક સમયમાં હાથ ધરાશે

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાંથયેલ ચર્ચાસંદર્ભે પ્રવક્તા મંત્રીશ્રી ઋષિકેશ પટેલએ જણાવ્યું હતુ કે, રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓમાં આગામી ત્રણ મહિનામાં ૭,૫૦૦ જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરાશે. રાજ્યની ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓમાં AT-Secondary અને TAT- Higher Secondary પાસ ઉમેદવારોની યોગ્યતાના આધારે કસોટી પ્રમાણે કાયમીભરતી કરાશે તેમણે વધુમાં કહ્યું કે, TET-1 અને TET-2 ઉમેદવારોની પણ ભરતી પ્રક્રિયા હાથ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. વધુ વિગતો આપતા મંત્રી શ્રી ઋષિકેશપટેલએ જણાવ્યું હતું કે, માધ્યમિક એટલે કે ધોરણ ૯ અને ધોરણ ૧૦ની સરકારી શાળામાં કુલ ૫૦૦ અને ગ્રાન્ટ-ઈન-એડ શાળામાં ૩,૦૦૦ એમ કુલ 3500 TAT-1 પાસથયેલ ઉમેદવારોનીભરતી કરાશે. જ્યારે ઉચ્ચર માધ્યમિક એટલે કે ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ માં સરકારી શાળામાં ૭૫૦ અને ગ્રાન્ટ -ઈન – એડ શાળામાં ૩૨૫૦ એમ મળીને AT-2 ના કુલ ૪૦૦૦ જેટલા ઉમેદવારોનીભરતી કરાશે તેમ મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ. મંત્રીશ્રી એ વધુમા કહ્યુંકે, તાજેતરમાં ૧૫૦૦ જેટલા HMAT પ્રિન્સીપાલની ભરતી રાજ્યની ગ્રાન્ટ ઈન એડ શાળાઓમાં કરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, રાજ્યમાં છેલ્લા ૧૦ વર્ષમાંકુલ ૧૮,૩૮૨ જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવી છે.

કમલમ્ ન્યુઝ,

વિશ્વ સિકલ સેલ દિવસ અંતર્ગત વલસાડ ડાંગ ના સાંસદ ધવલભાઈ પટેલ દ્વારા વાંસદા સ્થિત કોટેજ હોસ્પીટલ ની રૂબરૂ મુલાકાતલીધી હતી, આ મુલાકાત દરમ્યાન હોસ્પીટલ માસારવાર લઈ રહેલા દર્દીઓની રૂબરૂ મુલાકાત કરી હોસ્પીટલ દ્વારા અપાતી મેડીકલ સેવા, દવાઓ, તેમજ અન્ય વ્યવસ્થાઓ માટે યોગ્ય સુવિધાઓ મળી રહે છે કે નહીં એની પુરતી ખાતરી કરવામાં આવી હતી, એ ઉપરાંત આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે બેઠક કરી ચર્ચાવિચારણા કરી હતી, આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ દિપ્તીબેન પટેલ, ભાજપ પ્રદેશ આદિજાતિ મોરચાના મહામંત્રી પિયુસભાઈ પટેલ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

રાષ્ટ્રપતિ પંડિત દીનદયાળ ઉપાધ્યાય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર પર્સન્સ વિથ ફિઝિકલ ડિસેબિલિટીઝ (દિવ્યાંગજનો)ની મુલાકાત લેશે

કમલમ્ ન્યુઝ,

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદીમુર્મુ આવતીકાલે (૨૦ જૂન, ૨૦૨૪) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળ કાર્યરત પંડિત દીનદયાળ ઉપાધ્યાય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર પર્સન્સ વિથ ફિઝિકલ ડિસેબિલિટીઝ (દિવ્યાંગજન)ની મુલાકાત લેશે. પંડિત દીનદયાળ ઉપાધ્યાય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર પર્સન્સ વિથ ફિઝિકલ ડિસેબિલિટીઝ (દિવ્યાંગજન)ની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને તેમની મુલાકાતની શરૂઆત કરશે. પછી તે સંસ્થાના મેદાનમાં એકછોડ રોપશે. ત્યારબાદ રાષ્ટ્રપતિ પીએન્ડઓ કાર્યશાળાનું નિરીક્ષણ કરશે. રાષ્ટ્રપતિ ક્રોસ ડિસેબિલિટી અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર (સીડીઆઈસી)નીપણ મુલાકાત લેશે અને અહીં સારવારલઈ રહેલાં બાળકોને મળશે અને તેમનાં સ્વાસ્થ્યની પ્રગતિ વિશે જાણકારી મેળવશે. રાષ્ટ્રપતિ વિકલાંગો (દિવ્યાંગજનો) બાળકોદ્વારા પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેશે, જેમાં તેમની પ્રતિભા અને સિદ્ધિઓનું પ્રદર્શન કરવામાં આવશે પછી રાષ્ટ્રપતિ શ્રીમતીમુર્મુ વિકલાંગો (દિવ્યાંગજનો) બાળકો અને સંસ્થાનાં કર્મચારીઓને સંબોધન કરશે.

રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા નેમિલ શાહે ૧૮મા એમઆઈએફએફ પર ફિલ્મ નિર્માણના રહસ્યો શેર કર્યા

એક ગેમ તરીકે જીવનનું અન્વેષણ કરો, તે તમને તમારા સર્જનમાં મદદ કરશેઃ ડિરેક્ટર નેમિલ શાહ

સર્જનહાર માટે સર્જનને સંપૂર્ણપણે સમજવું એ સૌથી મહત્ત્વની બાબત છે : નેમિલ શાહ

તમારા માટે જુસ્સાદાર ફિલ્મો બનાવો, તે આખરે તેનું ભાગ્ય શોધી કાઢશે : નેમિલ શાહ

કમલમ્ ન્યુઝ,

"માનવજીવન એક રસપ્રદ રમત સિવાય બીજું કશું જ નથી, લાગણીઓ અનેઘટનાઓથી ભરેલો કોયડો છે. ચાલો આપણે કંઈક અનોખું અને આકર્ષક બનાવવા માટેતેને સ્વીકારીએઅને અન્વેષણ કરીએ,"ડિરેક્ટર નેમિલશાહે આજે ૧૮મા મુંબઈ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ (એમઆઈએફએફ)ની સાથે યોજાયેલા એક માસ્ટર ક્લાસમાં જણાવ્યુંહતું. યુવા ફિલ્મ નિર્માતાએ પોતાના સર્જનને સંપૂર્ણપણે સમજવાના ગહન મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "એક સર્જક તરીકે, તમે આગળ વધો તે પહેલાં તમારે તમારા સર્જનને સંપૂર્ણપણે સમજવાની અને સમજવાનીજરૂર છે,"તેમણે ફિલ્મ નિર્માતાઓને તેમની કલાત્મક પ્રક્રિયાઓમાં ઊંડાણપૂર્વક ઊંડા ઊતરવાવિનંતી કરીહતી. દિગ્દર્શક નેમિલ શાહે ટૂંકી ફિલ્મ નિર્માણમાં અવાજની નિર્ણાયક ભૂમિકા પર ભાર મૂક્યો. તેમણે ફિલ્મ નિર્માતાઓને તેમના કામના શ્રાવ્ય પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કર્યા હતા અને ફિલ્મની એકંદર અસરને વધારવામાં તેના મહત્વ પર ભાર મૂક્યો હતો. "તમારી જાતને સાંભળો, તમારી આસપાસના અવાજથીવાકેફ રહો. ટૂંકી ફિલ્મ માટે અવાજ ઊભો કરવો એ એક કળાછે, એમ તેમણે ઉમેર્યું હતું. ટૂંકીફિલ્મ નિર્માણનીકળા પર બોલતા, રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા દિગ્દર્શકે ફિલ્મ નિર્માતાઓને વિનંતી કરી હતી કે તેઓ જગ્યા, સમય, લોજિસ્ટિક્સ અને પ્રેક્ષકો જેવી મર્યાદાઓથી બંધાયેલા વિના, તેમના હૃદયમાં ગુંજી ઉઠે તેવી ફિલ્મો બનાવે. "તમારા માટે જુસ્સાદાર ફિલ્મો બનાવો; તેઓ છેવટે તેમનું ભાગ્ય શોધી કાઢશે. બિન-સર્જનાત્મક મુદ્દાઓને બદલે સર્જનાત્મક તત્ત્વો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરો," તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. ભંડોળ અને લોજિસ્ટિક્સ જેવી અડચણો પર પ્રકાશ પાડતાં નેમિલે કહ્યું હતું કે મિનિમમ રિસોર્સિસ અને બજેટ સાથેપણ ઉત્તમ શોર્ટ ફિલ્મો બનાવી શકાયછે. તેમણે અભિપ્રાય આપ્યો હતો કે, "તકનીકી પ્રગતિ સાથે, આ દિવસોમાં કોઈ પણ મોબાઈલ અને થોડા ઓછામાં ઓછી એસેસરીઝ અને લેન્સ સાથેખૂબ જ સારી ટૂંકી ફિલ્મ બનાવી શકે છે." યોગ્ય આયોજન અને સતત ધીરજ પર ધ્યાન કેન્દ્રિત કરતી વખતે નેમિલ શાહે ફિલ્મ સર્જકોને એવી સલાહ આપી હતી કે શોર્ટ ફિલ્મને ફિચર ફિલ્મના ગેટવે તરીકે કે મર્યાદિત કલાસ્વરૂપતરીકે ન ગણવી. "ફક્ત તમારી કળા દ્વારા તમારા જીવન અને સમાજના નિરીક્ષણને તમારી રીતે રજૂ કરો. યોગ્ય આયોજન સાથે આગળ વધોઅને પ્રયત્ન કરતા રહો" એમ તેમણે સૂચવ્યું હતું.

નેમિલ શાહ વિશે

નેમિલ શાહ ભારતના જામનગર શહેરનો એક કલાકાર છે, જેમુખ્યત્વે ફિલ્મોઅને વીડિયો ઈન્સ્ટોલેશનના ક્ષેત્રમાં કામ કરે છે. તેમની પ્રથમ ટૂંકીફિલ્મ- "દાળ ભાત"એ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સહિત વિવિધ પુરસ્કારો જીત્યા હતા અને ઓસ્કારમાં પણ સત્તાવાર પ્રવેશ મેળવ્યો હતો. ૨૦૨૩ માં, તેમણે પેરુના એમેઝોન રેઈનફોરેસ્ટમાં એક વિડિઓ-ગંધ ફિલ્મ ઈન્સ્ટોલેશન - "૯-૩" બનાવ્યું હતું, જેનો પ્રીમિયર તાજેતરમાં એપીચહાટપોંગવીરાસેથાકુલ જેવા કલાકારોની કૃતિઓ સાથે થયો હતો. તાજેતરમાંજ તેણે સુપર ૮ એમએમ ફિલ્મ પૂરી કરીહતી, જે થાઈલેન્ડબાયએનલે, ૨૦૨૪નો એક ભાગ છે. સાતથી સાત, તેની પ્રથમ ફિચર ફિલ્મ ટૂંક સમયમાં તેનું નિર્માણ શરૂ કરશે. નેમિલ ૨૪ વર્ષનો હોવાથી ૧૮મા એમઆઈએફએફ ૨૦૨૪નો સૌથી યુવામાસ્ટર ક્લાસ સ્પીકર છે.

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર તરીકે શ્રીમતી મીરાબેન યોગેશકુમાર પટેલની વરણી થઈ હતી. જે અંતર્ગત સવારે પૂજા વિધિ કરીને મેયરશ્રી સહિત પદાધિકારીઓ એ પદગ્રહણ કર્યું હતું. મેયરશ્રી એ સવારે પૂજન બાદ વૃંદાવન ગૌ ધામ ખાતે ગાય તેમજ નંદીને ગોળ ખવરાવ્યો હતો. આ અવસરે ડે.મેયરશ્રી નટવરજી ઠાકોર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ગૌરાંગભાઈ વ્યાસ, દંડક શ્રી સેજલબેન પરમાર, પક્ષના નેતા શ્રી અનિલસિંહ વાઘેલા, કમિશનરશ્રી, ડે.કમિશનરશ્રી તેમજ કાઉન્સિલરશ્રીઓ સાથે જોડાયા હતા. આ વેળાએ મેયરશ્રીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે આપણે સૌ સાથે મળીને ગાંધીનગરના વિકાસને આગળ ધપાવીશું. પદગ્રહણ અવસરે મેયરશ્રીને પદાધિકારીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, અધિકારીઓ, સૌ સમાજના આગેવાનશ્રીઓ તેમજ ખૂબ મોટી સંખ્યામાં નગરજનોએ રૂબરૂ મળીને શુભેચ્છા પાઠવી હતી.

કમલમ્ ન્યુઝ,

ગુજરાતના રાજ્યપાલ માન શ્રી આચાર્ય દેવવ્રતજીને માઉન્ટ આબુ રાજસ્થાન ખાતે થયેલ નેશનલ કોન્ફરન્સનો અહેવાલ અને રાજઋષિ વિલેજનો સૂચિત પ્રોજેક્ટ રજૂ કરવા રાજભવન પહોંચેલ ડેલીગેશનમાં બ્રહ્માકુમારીઝના કૃષિ અને ગ્રામ વિકાસ પ્રભાગના રાષ્ટ્રીય અધ્યક્ષ અને બ્રહ્માકુમારી મહેસાણા સબઝોન પ્રભારી રાજયોગની સરલાદીદીજી, બ્રહ્માકુમારીઝ ગાંધીનગર પ્રભારી રાજયોગની કૈલાશ દીદીજીતથા અન્ય બ્રહ્માકુમારી બહેનોઅને ભાઈઓ દૃષ્ટિ ગોચર થાય છે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028